જા.નં.મા-૨/૨૦૨૬/1721 તા.27/૦૧/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.સુરત

આ સાથે સામેલ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરનોપ્રત્રાંકઃનં.સં.બોર્ડ/યજન/૨૦૨૬/૧૭૩૯-૧૮૭૦ તા.૨૩/૦૧/૨૦૨૬ ના પત્ર અન્વયે સંસ્કૃત વિષય ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓને "સંસ્કૃત કક્ષ" ફાળવવા અરજી મેળવવા શાળાઓને જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ: ઉક્ત પત્રની નકલ

सत्यमेव जयते
ગુજરાત સરકાર

# गुजरातराज्यसंस्कृतबोर्ड
## शिक्षणविभागः, गुजरातसर्वकारः
## Gujarat State Sanskrit Board
## Education Department, Government of Gujarat

ક્રમાંક:સં.બોર્ડ/યજન/૨૦૨૬/૧૭૩૯ - ૧૮૭૦ | તા.૨૩/૦૧/૨૦૨૬

પ્રતિ,

૧. રજીસ્ટ્રારશ્રી વિશ્વ વિદ્યાલય તમામ,
૨. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ,
૩. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ (જિલ્લા દરેક),
૪. સંસ્કૃત પ્રચાર-પ્રસાર કરતી સંસ્થાઓ તમામ (ગુજરાત રાજ્ય),
૫. ચેરીટી કમિશ્નર, જાહેર ટ્રસ્ટોની નોંધણીની કચેરી તમામ જિલ્લા

વિષય : સંસ્કૃત વિષય ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓને "સંસ્કૃત કક્ષ" ફાળવવા બાબત.
સંદર્ભ : ૧ : સંસ્કૃત ભારતીનો પ્રદર્શનીનાં ઉપયોગની મંજુરી માટેનો પત્ર તા.૧૭/૭/૨૦૨૫
૨ : ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સામાન્ય સમિતિની બેઠક તા.૩૧/૧૨/૨૦૨૫ નાં ઠરાવ ક્રમાંક:૩ મુજબ

માનનીય મહોદયશ્રી,

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા વર્ષ ૧૯૬૯માં શ્રાવણી પૂર્ણિમાનાં દિવસે દરવર્ષે "સંસ્કૃત દિવસ" ઉજવવા માટે નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારથી આ દિવસે સમગ્ર દેશમાં સાંસ્કૃતિક ઉત્સવના રૂપમાં ઉજવવામાં આવે છે.

ઉક્ત પરંપરાનાં નાવોન્મેષી વિસ્તાર માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા યોજના પંચકમ અંતર્ગત વિભિન્ન પ્રગતિશીલ યોજનાઓનો શુભારંભ કરવામાં આવેલ જેનું લોકાર્પણ માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં સંપન્ન ઉચ્ચસ્તરીય બેઠકમાં કરવામાં આવેલ હતુ.

સંસ્કૃત સપ્તાહોત્સવ યોજના ઉપક્રમે વર્ષ ૨૦૨૫માં સૌપ્રથમ ગુજરાત રાજયના દરેક જિલ્લાઓમાં ૬ થી ૧૨ ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન સંસ્કૃત સપ્તાહ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ૯ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ વિશ્વ સંસ્કૃત દિવસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ તા.૧૨ ઓગષ્ટનાં રોજ રાજ્ય સ્તરીય કાર્યક્રમનું આયોજન રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું જેમાં સંસ્કૃત ભાષા વિકાસ માટે શ્રેષ્ઠ કામગીરી કરનાર જિલ્લાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ આયોજન રાજ્યભરમાં સંસ્કૃત ભાષા તથા ભારતીય સાંસ્કૃતિક વિરાસતનાં સંવર્ધન - સંરક્ષણ માટે મહત્વ પૂર્ણ સિદ્ધ થયું.

આ મહોત્સવ ભવિષ્યમાં પણ દર વર્ષે યોજાવા માટે નક્કી કરવામાં આવ્યુ હોય આથી દરેક સંબંધિત સંસ્થાઓમાં સંસ્કૃત કક્ષની સ્થાપના અત્યંત આવશ્યક અને હિતાકારી જાણાય છે જેથી સંસ્કૃત સપ્તાહ અંતર્ગત રચનાત્મક, સર્જનાત્મક અને સતત પ્રવૃત્તિઓનું સુવ્યવસ્થિત સંચાલન થઈ શકે તથા વિદ્યાર્થીઓમાં સંસ્કૃત પ્રત્યે સકારાત્મક અભિરૂચી વિકસિત થાય ને હેતુથી સંસ્કૃત કક્ષ નિર્માણ માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા દરખાસ્ત મંગાવવામાં આવે છે.

આપશ્રીને નિવેદન છે કે સમગ્ર રાજ્યમાંથી શક્ય એટલા વધુ પ્રમાણમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને સંસ્કૃત પ્રચાર પ્રસાર કરતી સંસ્થાઓ પાસેથી "સંસ્કૃત કક્ષ" માટે નિયત કરેલ નમૂના મુજબ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની વેબસાઈટ https://grsb.gujarat.gov.in પર આપેલ લીંક પર બહોળા પ્રમાણમાં અરજી મેળવી શકાય તે માટે સંસ્થાઓને આપની ...ણાધિકારીશ્રી કચેરી, સુરત ... આપશ્રીને નમ્ર નિવેદન છે.

ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ,
ગાંધીનગર

## સંસ્કૃત કક્ષ માટે ગ્રાન્ટ મેળવવા અંગેની દરખાસ્ત

| ક્રમ | વિગત | સંસ્થા આપવાની વિગત |
|---|---|---|
| ૧ | સંસ્થાનું પુરૂ નામ | |
| ૨ | સંસ્થાનું પુરૂ સરનામું | |
| ૩ | ગામ | |
| ૪ | તાલુકો | |
| ૫ | જિલ્લો | |
| ૬ | સંસ્થાના માન્યતા ક્રમાંક / શાળા ઈન્ડેક્ષ નંબર | |
| ૭ | સંસ્થાનાં આચાર્યનું નામ | |
| ૮ | સંપર્ક નંબર | |
| ૯ | સંસ્થાનું Email ID | |
| ૧૦ | સંસ્કૃત કક્ષ સંયોજકનું નામ | |
| ૧૧ | સંસ્કૃત કક્ષ સંયોજકનાં સંપર્ક નંબર (વોટ્સએપ) | |
| ૧૨ | સંસ્થાના બેંક ખાતા ધારકનું નામ | |
| ૧૩ | સંસ્થાના બેંક એકાઉન્ટ નંબર | |
| ૧૪ | બેંકનું નામ | |
| ૧૫ | IFSC કોડ | |

**અરજી સાથે જોડાવાના આધારો :**

**૧. સંસ્થાનો ફોર્વર્ડીગ લેટર**

**૨. સંસ્થાનો માન્યતા પત્ર**

**૩. કેન્સલ ચેક**

**સંસ્થાના વડાનો**

**તારીખ :**

**સહી/સિક્કો**

**સ્થળ :**

## <u>संस्कृतकक्षः मार्गदर्शिका</u>

**<u>પ્રસ્તાવના :</u>**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ માં ઉલ્લેખિત છે કે દરેક સ્તરના વિદ્યાર્થીઓ માટે આનંદપ્રદ રમત આધારિત ક્રિયા આધારિત પધ્ધતિ દ્વારા સંસ્કૃત ભાષા શીખવાનો અવસર આપવામાં આવે. જે અનુસંધાને

ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષણથી સંસ્કૃત ભાષાનાં અધ્યયનનો પ્રારંભ થાય છે. વિદ્યાર્થીઓ પ્રથમ વખત જ આ સ્તર પર સંભાષણ માધ્યમથી સંસ્કૃત ભાષાના કૌશલ્ય પ્રાપ્ત કરે છે. પ્રથમ અનુભવ પ્રાપ્ત કરે છે. સંસ્કૃત ભાષાનું ઉત્તમ શિક્ષણ ત્યારેજ સંભવ છે જ્યારે **સંસ્કૃતમય વાતાવરણ**નું નિર્માણ થાય. જો વર્ગખંડમાં શૈક્ષણિક સામગ્રી (ટીચિંગ મટીરીયલ) સંસ્કૃત ભાષામાં પ્રદર્શિત થાય તો શિક્ષણ વધુ પ્રભાવી અને આનંદદાયક બને આ હેતુથી ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા **સમગ્ર ગુજરાત રાજ્યમાં "સંસ્કૃત કક્ષ"ની સ્થાપના માટેનું અભિયાન સંસ્કૃત સપ્તાહ યોજના અંતર્ગત પ્રારંભ કરવામાં આવ્યું છે.** આથી વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક મૂલ્ય તથા નૈતિક વિકાસને પ્રોત્સાહન આપી શકાશે.

**<u>સંસ્કૃત કક્ષનો ઉદ્દેશ્ય :</u>**

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા નિર્મિત વિઝન અને રોડ મેપ નાં આધારે અને NEP-2020 નાં આધારે સરળ માનક સંસ્કૃત (Simple Standard Sanskrit) નાં આધારે સંસ્કૃત ભાષાને શીખવવામાં આવશે.

- વિદ્યાર્થીઓને સરળ અને માનક સંસ્કૃત ભાષા સંસ્કૃત માધ્યમમાં શીખવાનો અને શીખવવાનો અવસર મળશે
- સંસ્કૃત વિષયને સંસ્કૃત માધ્યમથી અભ્યાસ કરાવવા માટે પ્રોત્સાહન મળશે .
- સંસ્કૃત ભાષાનાં માધ્યમથી સુસંસ્કૃત ભારત નિર્માણનો ભાવ વિકસિત કરી શકાશે.
- તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં **સંસ્કૃતમય વાતાવરણ**નું નિર્માણ થશે.
- "સંસ્કૃત કક્ષ" માત્ર વિદ્યાર્થીઓ પૂરતો સિમિત ન રહેતા સમગ્ર સમાજ માટે **લાભદાયી** બની રહેશે.

**<u>સંસ્કૃત કક્ષનું સ્વરૂપ :</u>**

1. વ્યક્તિગત અને સામૂહિક કાર્યશાળા – ક્રિયા આધારિત શિક્ષણ આપતા શીખવવું.
2. શૈક્ષણિક સાધન – ચાર્ટ્સ, ચિત્ર-સામગ્રી, સંવાદ-સૂત્ર, પોસ્ટર્સ વિવિધ પ્રદર્શનીઓ વગેરે.
3. વિદ્યાર્થી સહયોગ – શ્લોક, મંત્ર, સુભાષિત-પાઠ, નાટ્ય, વાર્તાલાપ-ક્રિયાકલાપ
4. લઘુ પુસ્તકાલય – સરળ સંસ્કૃત સાહિત્ય, શબ્દ સૂચિકા, બાળ સામગ્રી
5. વિવિધ કોશ – પર્યાય કોશ, ધાતુ કોશ, વિષય વિશેષ કોશ, સંસ્કૃત શબ્દ કોશ
6. ફ્લેશ કાર્ડ – વિવિધ વસ્તુ ચિત્રના ફ્લેશ કાર્ડ, ધાતુ પાઠ અંગેના ફ્લેશ કાર્ડ, ક્રિયાઓના ફ્લેશ કાર્ડ
7. નકશાઓ – સાંસ્કૃતિક પરંપરા, ભારતનાં અમૂલ્ય વારસા સંબંધિત
8. પ્રશિક્ષણ – શિક્ષકો માટે સંસ્કૃત વિષય અભિમુખીકરણ માટે તાલીમ કાર્યક્રમ
9. ડીઝીટલ સ્વરૂપ (ICT) – QR સામગ્રી, ડીઝીટલ કન્ટેન્ટ, પ્રોજેકટર / સ્માર્ટ ડીવાઈસ ઉપયોગ

**<u>ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા આપવામાં આવનાર સહયોગ</u>**

1. સંસ્કૃત કક્ષ યોજનાનો બહોળા પ્રમાણમાં પ્રચાર-પ્રસાર થાય અને ગુજરાત રાજ્યમાં કાર્યરત તમામ સરકારી તથા ખાનગી સંસ્થાઓને આ યોજનાઓની માહિતી વિભાગીય કચેરીઓ મારફત પરિપત્ર તથા વિવિધ પ્રચાર માધ્યમો દ્વારા મળશે.
2. અરજી મળ્યેથી ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા ગ્રાન્ટની મર્યાદામાં અનુદાનની અનુમતિ આપવામાં આવશે.
3. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્કૃત કક્ષ માટે નાણાકીય મહત્તમ સહાય / ગ્રાન્ટ રૂ.૫૦,૦૦૦/- આપવામાં આવશે આથી વિશેષ ખર્ચ થાય તો તેની જોગવાઈ સંસ્થા અને લોક ભાગીદારીથી કરવાની રહેશે.
4. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા અનુદાન DBT થી આપવામાં આવશે.
5. સામગ્રી / કીટ - સંસ્કૃત પોસ્ટર, ફ્લેશ કાર્ડ, ગતિવિધિ કીટ, શબ્દકોશ, પુસ્તકાલય સેટ, સંસ્કૃતિ ચાર્ટ, સંસ્કૃત પ્રદર્શની, (ICT) સામગ્રી વગેરે વસાવવા માટે માર્ગદર્શિકા આપવામાં આવશે.
6. સંસ્કૃત કક્ષ માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્થાના સંસ્કૃત કક્ષ સંયોજકને માર્ગદર્શન માટે તાલીમ કાર્યશાળા ઉપલબ્ધ કરાવવામાં આવશે. તાલીમ દરમ્યાન સામગ્રીઓની ખરીદી અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

**<u>સંસ્થાઓ પાસેથી અપેક્ષિત કાર્યવાહી</u>**

1. સંસ્કૃત કક્ષ બનાવવા ઈચ્છતી ગુજરાતમાં કાર્યરત સરકારી /ખાનગી/સામાજિક/ધાર્મિક સંસ્થાએ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની વેબસાઈટ પર સંસ્કૃત કક્ષ માટે નિયત માર્ગદર્શિકા વાંચી અરજી ફોર્મ ભરી દરખાસ્ત રજૂ કરવાની રહેશે.
2. સંસ્કૃત કક્ષ બનાવવા માટે મળેલી તમામ અરજીઓને આધારે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સમીક્ષા બાદ અરજી મંજૂર કરવામાં આવશે. સંસ્કૃત કક્ષ માટે સંસ્કૃત સંયોજકની નિમણૂક કરવી.
3. રૂમની ફાળવણી / જગ્યા ફાળવણી કરવાની રહેશે અને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા આપને આપેલ ફોર્મેટમાં સંસ્કૃત કક્ષનું નામાભિધાન કરવાનું રહેશે. (संस्कृतकक्षः गुजरातराज्यसंस्कृतवोर्ड,गान्धीनगरम्).
4. સંસ્કૃત કક્ષ નિર્માણ થયા બાદ તેમનું લોકાર્પણ / ઉદ્ઘાટન પદાધિકારી શ્રી /અધિકારીશ્રી દ્વારા કરવાનું રહેશે.
5. નાણાકીય ઔચિત્ય જળવાઈ રહે તે રીતે નિયમાનુસાર ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત સંયોજક અને સંસ્થાના વડાએ સંસ્કૃત કક્ષ માટે ઉચિત ખર્ચ કરવાનો રહેશે.
6. સંસ્કૃત સંયોજકે સંસ્કૃત કક્ષની રચના પૂર્ણ થયા બાદ દિન – ૭(સાત) માં ખર્ચની વિગતો, બિલ, UTC ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના ઈ-મેઈલ (<u>sanskritkaksh@gmail.com</u>) પર ફરજીયાત મોકલી આપવાના રહેશે.
7. સંસ્કૃત કક્ષ માટે મળેલ અનુદાનમાંથી રૂ.૫૦૦૦/- સંસ્કૃત ભારતી દ્વારા નિર્મિત કીટ રૂ.૫૦૦૦/- પ્રમોશન ફાઉન્ડેશન દ્વારા નિર્મિત કીટ, રૂ.૩૨૦૦૦/- સંસ્કૃત ભારતી અને અન્ય સંસ્થા દ્વારા નિર્મિત પ્રદર્શનીઓની પ્રિન્ટ કરાવવા માટે તેમજ રૂ.૮૦૦૦/- સંસ્કૃત શિક્ષકની સર્જનાત્મકતા અને રસરૂચિ અનુસાર સાધન સામગ્રી નિર્માણ માટે/ગીતા પ્રેસ ગોરખપુર દ્વારા પ્રકાશિત સાહિત્ય માટે / શબ્દકોશ / લઘુ પુસ્તકાલય વગેરે માટે ખર્ચ કરી શકાશે.
8. વિવિધ પ્રદર્શનીઓ બેનર (સ્ટાર મટીરીયલ)માં જ બનાવવાનું રહેશે.
9. ઉપલબ્ધ સામગ્રીઓનો ઉપયોગ કરી સંસ્કૃતમય પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું રહેશે.
10. દરવર્ષે આયોજિત સંસ્કૃત સપ્તાહ મહોત્સવમાં સક્રિય ભાગીદારી કરવાની રહેશે.
11. દરવર્ષે વાર્ષિક ઉપયોગ અને પ્રવૃત્તિઓનો અહેવાલ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડને **મે માસ** માં મોકલવાનો રહેશે.
12. સંસ્કૃત કક્ષ અને તેની પ્રવૃત્તિઓના પ્રચાર-પ્રસાર માટે સોશિયલ મીડિયા પર ફોટોગ્રાફ તેમજ વિડીયો ક્લીપ, પ્રસિદ્ધ વર્તમાન પત્રમાં પ્રેસનોટ આપવાની રહેશે તથા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડને ઈ-મેઈલ (<u>sanskritkaksh@gmail.com</u>) પર ફરજીયાત મોકલી આપવાના રહેશે.